# ડીસીએમ શ્રીરામનો નફો છ ગણો વધ્યો

નવી દિલ્હી: ડીસીએમ શ્રીરામનો માર્ચ 2019ને અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો છ ગણો વધીને ₹293 કરોડનો થયો હતો જે આગલા વર્ષના સમાન ગાળામાં ₹51 કરોડ હતો. કંપનીની રેવેન્યૂ ₹1,888 કરોડની હતી જે આગલા વર્ષના સમાન ગાળામાં ₹1,566 કરોડ હતી. વર્ષ દરમિયાન નફો ₹906 કરોડ હતો જે આગલા વર્ષના સમાન ગાળામાં ₹670 કરોડ હતો. જ્યારે વર્ષની આવક ₹7,771 કરોડ નોંધાઈ હતી જે આગલા વર્ષે ₹6,900 કરોડ હતી. ડેટ્ વધીને ₹1,265 કરોડની થઈ હતી જે આગલા વર્ષે ₹653 કરોડ હતી.